Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-21 ■ તા. 17-05-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

કોલસાની ખાણો અને વિમાની મથકોનું ખાનગીકરણ કરાશેઃ સીતારમન

આત્મનિર્ભર ભારત તરફ આગળ વધવા રોકાણ વધારવા માટે પોલિસી રિફોર્મ્સ કરવામાં આવશે,કોલ સેક્ટરમાં પ્રોત્સાહન માટે રૂપિયા ૫૦ હજાર કરોડનું પ્રોત્સાહન,કોલસા, ખનિજ અને રક્ષા ઉત્પાદન સહિત ૮ સેક્ટર પર ધ્યાન આપવામાં આવશે,સંરક્ષણ ક્ષેત્રમાં વિદેશી રોકાણની મર્યાદા ૪૯ ટકાથી વધારી ૭૪ ટકા કરાઈ,સંરક્ષણ ક્ષેત્રની સરકારી કંપનીના આઇપીઓ રજૂ કરવામાં આવશે

ભારતને આત્મનિર્ભર બનાવવા મહત્ત્વના સેક્ટરમાં ખાનગીકરણનો સહારો લેવાશે

૫૦૦ મિનરલ માઈન્સની હરાજી થશે, કોલ ઈન્ફ્રા પાછળ ૫૦,૦૦૦ કરોડનું રોકાણ થશે,ભારતમાં જ હથિયારોના ઉત્પાદનનો લક્ષ્યાંક

ન્યુ દિલ્હી,તા.૧૬

કોરોના લોકડાઉનથી અર્થતંત્રને થયેલી નકારાત્મક અસરોમાંથી દેશને બહાર લાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેર કરેલા આત્મનિર્ભર ભારત અભિયાન માટે ૨૦ લાખ કરોડના આર્થિક પેકેજના ભાગ-૪ હેઠળ નાણા મંત્રી નિર્મલા સીતારામને આજે સતત ચોથા દિવસે પેકેજની જાહેરાત કરી હતી. આજે તેમણે પ્રાથમિકત માળખાકિય ક્ષેત્રમાં સુધારણા માટે પેકેજ જાહેર કર્યુ હતું. જેમાં કોલસા ક્ષેત્રનું ખાનગીકરણ થશે. વધુ ૬ એરપોર્ટનું ખાનગીકરણ કરાશે.

તેમણે જાહેરાત કરી કે કોલસા ક્ષેત્રમાં સરકારી એકાધિકારવાદ એટલે કે ઇજારાશાહી ખતમ કરાશે અને ખાનગી કંપનીઓને પણ કોલસા ઉત્પાદનની તકો અપાશે. કોલસા શ્રેત્રે હવે વાણિજયિક ઉત્પાદન થશે. કોલસા ક્ષેત્રે આત્મનિર્ભર થવા ૫૦ નવી કોલસાની ખાણો ઉત્પાદન માટે હરાજીથી અપાશે. ખાનગી કંપનીઓને આમંત્રિત કરાશે. નિયત સમય કરતાં વહેલું ઉત્પાદન કરનાર કંપનીઓને પ્રોત્સાહનો આપવામાં આવશે. કોલસા ઉત્પાદન માટે ૫૦ હજાર કરોડનો ખર્ચ કરાશે. જાહેર હરાજી દ્વારા ખાનગી કંપનીઓને કોલસાની ખાણો અપાશે. કોલસાને ગેસમાં રૂપાંતરિત(ગેસીફિકેશન) કરવાની ટેકનોલોજીનો ઉપયોગ કરાશે. વાજબી કિંમતે કોલસો વપરાશકારોને આપવામાં આવશે. ખનિજોના ઉત્ખનન માટે પણ પ્રોત્સાહનો અપાશે. ૪૦,૦૦૦ કરોડ કોલસાના ખનન માટે અને ૧૦,૦૦૦ કરોડ ટન કોલસાના સંગ્રહ માટે ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવા વપરાશે.

તેમણે વધુમાં કહ્યું કે, ૫૦૦ મિનરલ માઈન્સની હરાજી થશે. ઉત્ખનન માટે સ્ટેટ ઓફ ધ આર્ટની ટેક્નિકનો ઉપયોગ થશે. મિનરલ ઈન્ડેકસમાં રેકિંગ અપાશે, બ્લોકસ આપતી વખતે સ્ટેમ્પ ડ્યુટીમાં રાહત અપાશે.સંરક્ષણ શસ્ત્રસંરજામના ઉત્પાદનમાં મેક ઇન ઇન્ડિયાની નીતિ લાગૂ કરાશે. સૈન્ય હથિયારોનું ઉત્પાદન ભારતમાં થાય તેવા પ્રયાસો કરાશે. જેથી ઓછામાં ઓછા હથિયારો વિદેશથી આયાત કરવા પડે. હથિયાર ઉત્પાદનમાં ભારતને આત્મનિર્ભર કરાશે. સ્થાનિક રોજગારી વધશે. ખાનગી કંપનીઓને તકો મળશે.

પ્રવાસીઓને સારી સુવિધા આપવા માટે ૬ વધુ એરપોર્ટનું ખાનગીકરણ કરાશે. હાલમાં ૧૧ એરપોર્ટ ખાનગી કંપનીઓને આપવામાં આવ્યાં છે., ૧૩ હજાર કરોડનું મૂડીરોકાણ આવશે. ઓછા અંતરથી વિમાનો ઉડે તેવા પ્રયાસો થશે.. વિમાનોના સમારકામ માટે ભારતમાં જ સુવિધા ઉભી થાય તેવા પ્રયાસો કરાશે. હાલમાં વિદેશમાં સમારકામ માટે તમામ પ્રકારના સીવીલ અને ડિફેન્સ વિમાનો મોકલવામાં આવે છે. સમારકામ માટે હાલમાં ૨ હજાર કરોડનો ખર્ચ થાય છે. ઇઝ ઓફ ડૂઇંગ એટલે કે બિઝનેશ કરવામાં સરળીકરણ ઉપર ભાર મૂકાયો છે. પોતાના લોકલ ઉત્પાદનોને વિશ્વસ્તરના બનાવવા પડશે,. આત્મનિર્ભર ભારત માટે ગ્લોબલ સ્પર્ધા માટે પણ સુસજ્જ થવુ પડશે.વીજ ક્ષેત્રમાં સુધારા કરવા માટે ગ્રાહકેના હિતમાં સ્માર્ટ વીજ મીટરનો ઉપયોગ કરાશે. શરૂઆતના ત્રણ તબક્કામાં લોકોની સુખાકારી માટે નિર્ણય લીધો છે હવે આપણે આત્મનિર્ભરતા પર ફોકસ કરવાનું છે વૈશ્વિક પ્રતિસ્પર્ધા માટે ભારતે તૈયાર થવાનું છે માળખાગત રીફોર્મ પર થશે ફોકસ .મોદી સરકારે છ વર્ષમાં વિકાસ અને નીતિગત સુધારા પર ધ્યાન આપ્યું છે ઞ્મોદી સરકારની દેન છે. ય્જ્એ વન નેશન વન માર્કેટને ફળીભૂત કર્યુ છે.ઁમ્ઝએ નાદારી પ્રક્રિયા સરળ બનાવી છે.: બેંકોને સક્ષમ બનાવી છે. મેક ઈન ઈન્ડિયા હવે આત્મનિર્ભર ભારતમાં ફળીભૂત થશે.

ભારતીય નૌસેનાની સંવેદનશીલ માહિતી પાકિસ્તાનને લીક કરનાર આરોપીની ધરપકડ

ન્યુ દિલ્હી,તા.૧૬

વિશાખાપટ્ટનમ જાસૂસી કેસમાં એક મોટી સફળતા તરીકે NIA કહ્યું કે તેમણે ભારતીય નૌસેનાની સંવેદનશીલ માહિતી પાકિસ્તાનને લીક કરવાના આરોપમાં મુખ્ય ષડયંત્રકર્તા મોહમ્મદ હારૂની હાજી અબ્દુલ રહમાન લકડાવાલાની ધરપકડ કરી છે. મુંબઈની કોર્ટે NIAને તેના ટ્રાન્ઝિટ રિમાન્ડ આપી દીધા છે.

લકડાવાલાને આંધ્રપ્રદેશના વિજયવાડામાં NIAની એક સ્પેશ્યલ કોર્ટમાં હાજર કરાશે.

NIAના એક પ્રવકતાએ કહ્યું કે મુંબઇના રહેવાસી લકડાવાલાને ગુનાહિત ષડયંત્ર રચવા અને ગેરકાયદે ગતિવિધિ નિરોધક અધિનિયમ અને અધિકારિક રાજ અધિનિયમની અંતર્ગત શુક્રવારના રોજ મહાનગરમાંથી ઝડપી પાડ્યો. અધિકારીએ કહ્યું કે લકડાવાલા સરહદ પાર વેપારના બહાને પોતાના આકાઓને મળવા કેટલીય વખત કરાચી જતો હતો. તેમણે કહ્યું કે આ યાત્રાઓ દરમ્યાન તેઓ બે પાકિસ્તાની જાસૂસો અકબર ઉર્ફ અલી અને રિઝવાનના સંપર્કમાં આવ્યો હતો. જેમને તે નિયમિત અંતરાલ પર નૌસેના કર્મીઓના બેંક ખાતામાં પૈસા જમા કરાવાનું કહ્યું.

વિશાખાપટ્ટનમ જાસૂસીનો કેસ આંતરરાષ્ટ્રીય રેકેટથી સંબંધિત છે, જેમાં પાકિસ્તાનમાં આવેલ અને ભારતના વિભિન્ન સ્થળો સાથે જોડાયેલા લોકો સામેલ છે. ગયા વર્ષે ૩૦ ડિસેમ્બરના રોજ એનઆઇએ એ જાસૂસીના એક કેસને પોતાના હાથમાં લાધી હતો. તેના ૧૦ દિવસમાં એજન્સીએ પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓને સંવેદનશીલ માહિતી લીક કરવાના આરોપમાં ભારતીય નૌસેનાના ૭ કર્મચારીઓ અને એક કથિત હવાલા ઓપરેટરને ઝપડી પાડ્યા હતા. પોલીસે કહ્યું હતું કે ધરપકડ કરાયેલા તમામ અધિકારી પાકિસ્તાની મહિલાઓના સંપર્કમાં હતા.

પાંચ વર્ષમાં ૮૦૦ કરોડના રોકાણની યોજના બનાવી

કોરોના ઈફેક્ટઃ સ્માર્ટફોન કંપની લાવા ભારત આવવાની તૈયારીમાં

બેઇજિંગ,તા.૧૬

ચીનથી ફેલાયેલ મહામારી કોરોના વાયરસે આખી દુનિયામાં હાહાકાર મચાવ્યો છે. કોરોનાના કારણે વૈશ્વિક અર્થતંત્રને માઠી અસર થઈ છે. ત્યારે હવે વિશ્વના કેટલાક દેશ ચીન સામે કડક વેપાર નીતિ અપનાવી રહ્યા છે. ભારતે પણ આ દિશામાં કેટલાક મહત્વના નિર્ણય કર્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ ભારત સરકાર દ્વારા તાજેતરમાં કરેલ નીતિગત ફેરફારના કારણે હવે સ્માર્ટફોન કંપની લાવા ઇન્ટરનેશનલે શુક્રવારે પોતાનો બિઝનેસ ચીનથી સમેટીને ભારત લાવવાની તૈયારી શરૂ કરી છે. કંપનીએ મોબાઇલ વેચાણમાં વધારો અને મેન્યુફેક્ચરિંગના સરળ સંચાલન માટે આગામી પાંચ વર્ષ દરમિયાન લગભગ ૮૦૦ કરોડ રૂપિયાના રોકાણની યોજના બનાવી છે.સૂત્રો મુજબ લાવા ઇન્ટરનેશનલના અધ્યક્ષ અને વહીવટી સંચાલક હરીઓમ રાયે કહ્યું કે,'પ્રોડક્ટ ડિઝાઇનના ક્ષેત્રમાં ચીનમાં અમારા ઓછામાં ઓછા ૬૦૦થી ૬૫૦ કર્મચારીઓ છે. પરંતુ હવે અમે ડિઝાઇનિંગનું કામ ભારતમાં સ્થાનાંતરિત કરવાની તૈયારી કરી છે. ભારતમાં અમારા વેચાણની જરૂરિયાતોને ઘરેલુ કારખાનાઓથી પૂર્ણ કરવામાં આવશે.' તેમણે કહ્યું કે,'અમે ચીનમાં પોતાની ફેક્ટરીઓમાંથી દુનિયાભરમાં મોબાઈલ પ્રોડક્ટની નિકાસ કરી રહ્યા હતા. જો કે હવે આ કામ ભારતથી કરવામાં આવશે.'ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે ૪૮ હજાર કરોડ રૂપિયાના પ્રોત્સાહનવાળી ઇલેક્ટ્રોનિક નીતિની ઘોષણા કરી છે. આ હેઠળ કંપનીઓને અમુક મહત્વની છૂટ આપવામાં આવશે. સાથે જ આગામી પાંચ વર્ષોમાં આનાથી ૨૦ લાખ રોજગારનું સર્જન થશે એવો લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યો છે.

ખાનગી હોસ્પિટલોની જોહુકમી સામે તંત્રની લાલ આંખ, જાહેર કરી ગાઈડલાઈન

ખાનગી હોસ્પિટલોની મનમાની જોતા સરકારે સારવાર માટે ફીના ધારાધોરણ નક્કી કર્યા

હવેથી ખાનગી હોસ્પિટલો મનફાવે તેવા ચાર્જ નહિ વસૂલી શકે, ૫૦ ટકા બેડ રિઝર્વ રાખવા પડશે

ગાંધીનગર,તા.૧૬

કોરોના મુદ્દે હાલ સૌથી મોટા સમાચાર મળી રહ્યા છે.

ગુજરાતમાં વધતા કોરોના વાયરસના કેસ વચ્ચે રાજ્ય સરકારે ખાનગી હોસ્પિટલમાં સારવારને લઈને મોટો નિર્ણય કર્યો છે.

સરકારે ખાનગી હોસ્પિટલમાં પણ સારવાર લેવા માટે મહત્તમ ફીના ધારાધોરણ નક્કી કરી લીધા છે. કોરોના વાયરસને લઈને ખાનગી હોસ્પિટલો જે મનમાની કરીને જોહૂકમી ચલાવી રહી છે, તેની સામે ખાનગી હોસ્પિટલો માટે સરકારે એક ગાઈડલાઈન બનાવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

સૂત્રો જણાવી રહ્યા છે કે હવેથી ખાનગી હોસ્પિટલો મનફાવે તેવા ચાર્જ વસૂલી શકશે નહીં. હાઈકોર્ટના આદેશ બાદ સરકારે એક પોલિસી બનાવી હોવાનું સામે આવી રહ્યું છે.

હવે સરકારે ખાનગી હોસ્પિટલો માટે બનાવેલી ગાઈડલાઈન પ્રમાણે સરકારે જ આવી હોસ્પિટલોમાં સારવારનો દર નક્કી કર્યો છે. ખાનગી હોસ્પિટલોમાં ૫૦ ટકા બેડ રાખવા રિઝર્વ રાખવા પડશે. મેડિકલ એસોસિએશન સાથે સરકારે તેને લઈને ચર્ચા કરી નાંખી છે. અગાઉ ગુજરાત હાઈકોર્ટમાં સુઓમોટો રિટમાં કોર્ટમાં મોટો આદેશ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે સારવારની ફી નક્કી કરવા આદેશ કર્યો હતો.

કોરોના મુદ્દે આજે મળતા સૌથી મોટા સમાચારમાં સરકારે જે ગાઈડલાઈન બનાવી છે તેમાં ખાનગી હોસ્પિટલો બેફામ લાખોના પેકેજથી કોરોનાની દવા કરીને દર્દીઓને લૂંટી ન શકે તે માટે હાઈકોર્ટના આદેશ બાદ તંત્ર સફાળુ જાગ્યુ છે

અને નવી રૂપરેખા સાથે ખાનગી હોસ્પિટલો સાથે હાથ મિલાવીને ૫૦:૫૦ના આધારે ભાવ નક્કી કર્યા છે.

એટલે કે કોઈ પણ ખાનગી હોસ્પિટલમાં ૫૦ ટકા પથારી સરકારી રહેશે અને તેની ફી પણ સરકારી ધારાધોરણ મુજબ વસૂલાશે.

એટલે કે કોઈ પણ ખાનગી હોસ્પિટલમાં ૫૦ ટકા બેડ સરકારી રહેશે જેનો ખર્ચ સરકાર ભોગવશે, જ્યારે અન્ય ૫૦ ટકા બેડ ખાનગી હોસ્પિટલ સરકારે નક્કી કરેલા ભાવ મુજબ વસૂલી શકશે.

મહત્વનું છે કે એક દિવસ અગાઉ ગુજરાત હાઈકોર્ટે કોરોનાની સારવાર માટે ખાનગી હોસ્પિટલ્સ બેફામ ફી નહીં વસૂલી શકે તેવો નિર્ણય આપ્યો હતો.

કોરોના મહામારી વચ્ચે અમ્ફાન વાવાઝોડાનું સંકટઃ આઠ રાજ્યોને એલર્ટ કરાયા

ન્યુ દિલ્હી,તા.૧૬

દેશમાં એક તરફ કોરોનાનો કાળો કેર છે ત્યારે હવે દેશમાં વધુ એક સંકટ ઉભું થયું છે. દેશમાં અમ્ફાન નામના વાવાઝોડાની દહેશત સર્જાઈ છે. બંગાળની ખાડીમાં વાવાઝોડાની સિસ્ટમ સક્રિય થઈ છે. સાવચેતીના ભાગરૂપે ઓરિસ્સાના ચિફ સેક્રેટરીએ હાઈ લેવલની બેઠક બોલાવી હતી. જેમા બંગાળની ખાડીમાં આવનાર વાવાઝાડાને લઈને ચર્ચા કરાઈ હતી. આ વાવાઝોડાનું નામ અમ્ફાન રખાયું છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ વાવાઝોડું વિકસિત થયું તો પહેલા ૧૭ મેના રોજ ઉત્તર-પૂર્વ તરફ આગળ વધશે અને પછી તે ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધે તેવી સંભાવના છે. આગામી ૪૮ કલાકમાં તેનું ચોક્કસ અનુમાન લગાવી શકાશે કે વાવાઝોડું કઈ દિશામાં જશે. સ્કાઈમેટના હવામાન વિજ્ઞાની મહેશ પલાવતે કહ્યું કે અમ્ફાન આ વર્ષનું પહેલું તોફાન હશે. તેનાથી આંદામાન-નિકોબારમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ કેરળ, ઓરિસ્સા, તમિલનાડુ, પુડુચેરી અને કર્ણાટકમાં ભારે વરસાદ પડી શકે છે.આ ઉપરાંત જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉતરાખંડ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના ઘણા ભાગમાં વરસાદ પડી શકે છે. ૭૦ કિલોમીટરની ઝડપે પવન ફૂકાવાની અને વરસાદ પડવાની આગાહી કરાવામાં આવી છે. વાવાઝોડાના કારણે ૮ રાજ્યોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં પશ્ચિમ બંગાળ, ઓડિસ્સા, હરિયાણા, પંજાબ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, અંદામાન નિકોબાદનો સમાવેશ થયા છે. કરવામાં આવેલી આગાહી અનુસાર, પશ્ચિમ બંગાળ, ઓડિસ્સા અને અંદામાન નિકોબાદમાં આ વાવાઝોડું સૌથી વધુ કેર વર્તાવી શકે છે.

ઓસ્ટ્રેલિયા હવે અસરકારક રીતે ચીન સાથેના વ્યાપારિક સંબંધો તોડવાની દિશામાં આગળ વધ્યુ

કૉલ્ડવૉર ૨.૦ઃ એક તરફ અમેરિકા અને સહયોગી દેશો,બીજી તરફ ચીન-રશિયા

વૉશિંગ્ટન,તા.૧૬

કોરોનાનાં સંકટની વચ્ચે આ સ્થિતિ એક કૉલ્ડ વૉરની છે, જેમાં એક તરફ અમેરિકા અને તેના સહયોગી છે અને બીજી તરફ ચીન અને રશિયા. અહીં દુશ્મની અને આક્રમતાની સાથે હિંસા વગર સેનાઓમાં પણ હલચલ ચાલુ છે. ૧૯૪૫થી ૧૯૮૦નાં દશકનાં અંત સુધી ચાલેલા કૉલ્ડ વૉરની પણ આ જ ખાસિયતો રહી છે. હવે અમેરિકા ચીનની વિરુદ્ધ પોતાના સહયોગી વધારી રહ્યું છે. અમેરિકાનું સહયોગી ઑસ્ટ્રેલિયા પ્રભાવી રીતે ચીનની સાથે વેપાર સંબંધ તોડવાની તરફ વધી રહ્યું છે અને એ પણ ચીન ઑસ્ટ્રેલિયાનું સૌથી મોટું નિકાસ કરતુ બજાર છે.ચીનમાં ૩૦ ટકા નિકાસ ઑસ્ટ્રેલિયા કરે છે, જે તેની જીડીપીનાં ૭ ટકા છે. ચીની વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓ ઑસ્ટ્રેલિયાને ઘણો સારો બિઝનેસ આપે છે. ચીન દરેક ચીજનો લાભ ઉઠાવતુ રહ્યું છે. વડાપ્રધાન સ્કૉટ મૉરિસનની કોરોના વાયરસ પર વિસ્તૃત તપાસની માંગ બાદ ચીને ઑસ્ટ્રેલિયાથી બીફ અને જવની આયાત રોકી દીધી છે. જો કે ઑસ્ટ્રેલિયા પોતાની વાત પર અડગ છે.ત્યારબાદ આવે છે જાપાન. જાપાનનાં મુખ્ય કેબિનેટ સચિવે ચીનમાં ઉઇગરો વિશે વાત કરી છે. એક પ્રેસ કોન્ફરન્સમાં જ્યારે જાપાનનાં મુખ્ય કેબિનેટ સચિવ યોશિહિદે સુગાથી ઉઇગરો વિશે પ્રશ્ન કરવામાં આવ્યો તો તેમણે કહ્યું કે ટોક્યો ચીનને નજીકથી જોઇ રહ્યું છે. ચીન સાથે પોતાનો બિઝનેસ ઓછો કરવા પર જાપાન પણ સખ્ત મહેનત કરી રહ્યું છે. ટ્રમ્પ ભલે પોતાના યૂ-ટર્ન માટે જાણીતા હોય, પરંતુ અત્યારે કેટલાક દિવસથી ચીન પર ઘણા આક્રમક થઈ રહ્યા છે.ગુરૂવારનાં એક મીટિંગ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિએ ચીનની સાથે અમેરિકાનાં રાજદ્વારી સંબંધોને ખત્મ કરવાની ધમકી આપી. ટ્રમ્પે કોરોના વાયરસ મહામારી માટે ચીનને દોષી ઠેરવ્યું અને કહ્યું છે કે તે રાષ્ટ્રપતિ શી ઝિનપિંગ સાથે વાત કરવા નથી ઇચ્છતા. તાજેતરમાં જ અમેરિકન સચિવ માઇક પોમ્પિઓએ ૭ દેશોનાં વિદેશ મંત્રીઓ સાથે એક વિડીયો કોન્ફરન્સ કરી. આનો ઉદ્દેશ હતો તેમને ચીનની વિરોધમાં લાવવા. ભારતનાં વિદેશ મંત્રી એસ.જયશંકર પણ આ બેઠકનો ભાગ હતા. ઇઝરાયલ અને દક્ષિણ કોરિયાએ પણ આ બેઠકમાં ભાગ લીધો હતો.

દક્ષિણ એશિયાના જીડીપીમાં ૩.૯ ટકાથી ૬ ટકાનો ઘટાડો થશે

કોરોનાને કારણે વૈશ્વિક અર્થતંત્રને ૮.૮ લાખ કરોડ ડોલર સુધીનું નુકસાન થશેઃ એડીબી

ન્યુ દિલ્હી,તા.૧૬

કોરોના વાઇરસ મહામારીને કારણે વૈશ્વિક અર્થતંત્રને ૫.૮ થી ૮.૮ લાખ કરોડ ડોલરનું નુકસાન થવાનો અંદાજ છ તેમ એશિયન ડેવલોપમેન્ટ બેંક(એડીબી)એ એક નિવેદનમાં જણાવ્યું છે.

કોરોના વાઇરસને કારણે દક્ષિણ એશિયાનો જીડીપી ૧૪૨ અબજ ડોલરથી ૨૧૮ અબજ ડોલર રહેવાનો અંદાજ છે.

એડીબીના નવા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કોરોના મહામારીને કારણે વૈશ્વિક અર્થતંત્રને ૫.૮ લાખ કરોડ ડોલરથી લઈને ૮.૮ લાખ કરોડ ડોલર એટલે કે ૬.૪ ટકાથી લઈને ૯.૭ ટકા સુધીનું નુકસાન થવાનો અંદાજ છે.

મનિલામાં હેડકવાર્ટર ધરાવતી એડીબીએ પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે જો ત્રણ મહિના લોકડાઉન ચાલશે તો ૧.૭ લાખ કરોડ ડોલર અને છ મહિના લોકડાઉન ચાલશે તો ૨.૫ લાખ કરોડ ડોલરનું નુકસાન થશે. જેના કારણે વૈશ્વિક અર્થતંત્રને ૩૦ ટકાનું નુકસાન થશે.પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઇના(પીઆરસી)ને ૧.૧ ટ્રિલિયન થી ૧.૬ લાખ કરોડ ડોલરનું નુકસાન થશે. ૩ એપ્રિલના રોજ પ્રકાશિત થયેલા એશિયન ડેવલોપમેન્ટ આઉટલુક(એડીઓ) ૨૦૨૦ જણાવ્યા અનુસાર કોરોના મહામારીને કારણે વૈશ્વિક અર્થતંત્રને ૨ લાખ કરોડ ડોલરથી લઈને ૪.૧ લાખ કરોડ ડોલરનું નુકસાન થશે.આ અગાઉ ૬ માર્ચના રોજ તેણે અંદાજ મૂકયો હતો કે કોરોનાને કારણે વૈશ્વિક અર્થતંત્રને ૭૭ અબજ ડોલરથી ૩૪૭ અબજ ડોલરનું નુકસાન(વૈશ્વિક જીડીપીના ૦.૧ થી ૦.૪ ટકા) થશે.

તંત્રી લેખ

કોરોના સામે રાજય અને કેન્દ્ર બંને લાચાર

દેશમાં કોરોના ચેપના કેસો વધી રહ્યા છે, પરંતુ તેના સામૂહિક સંક્રમણને લગતી પરિસ્થિતિ સ્પષ્ટ નથી. ભારત સમુદાય સ્તરે કોવિડ-૧૯ ફેલાવાના જોખમનો સામનો કરવા તૈયાર રહેવું જોઈએ. નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે, લોકડાઉનમાં રાહતને કારણે કોરોના વાયરસ મોટા પાયે ફેલાય છે. ઉલ્લેખનીય છે કે, દેશમાં કોરોનાનું સમુદાય ટ્રાન્સમિશનનો ત્રીજો તબક્કો પ્રારંભ થઈ ચૂક્યો છે.જોકે, ભારતના પબ્લિક હેલ્થ ફાઉન્ડેશનના અધ્યક્ષ પ્રોફેસર કે શ્રીનાથ રેડ્ડીએ કહ્યું કે, તે સ્થિતી પર આધારિત છે. તેમણે કહ્યું કે, જો આપણે એવા લોકોમાં ચેપ જોયા છે કે, જેમણે મુસાફરી કરી નથી. ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આવ્યા નથી. છતાં ચેપી થયા છે. આવા ઘણા કિસ્સાઓ છે. તેમણે કહ્યું, ''પરંતુ મોટાભાગના કિસ્સા વિદેશી મુસાફરોના પ્રવેશનાં કારણની આસપાસ છે. ચેપ ફેલાવાની કોઈ આગાહી કરી શકાતી નથી.આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં કોરોના ચેપની સંખ્યા ૮૧૯૭૦ પર પહોંચી ગઈ છે. તેમાંથી ૨૭૯૨૦ લોકો ચેપમાંથી સાજા થયા છે જ્યારે ૨૬૪૯ લોકોનાં મોત નીપજ્યાં છે. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (એઈમ્સ) ના કાર્ડિયોવાસ્ક્યુલર ડિસીઝિસ વિભાગના વડા, રેડ્ડીએ કહ્યું હતું કે દરેક દેશમાં સમુદાયનો ફેલાવો ખરેખર જોવા મળે છે. જ્યાં આ વૈશ્વિક રોગચાળો ભયંકર આકાર લીધો છે. ભારતે પણ માટે તૈયાર થવું જોઈએ અને તે રીતે કાર્ય કરવું જોઈએ. નિવારણના તમામ જરૂરી પગલાં લેવા જોઈએ. રેડ્ડીએ કહ્યું કે સમુદાયનો ફેલાવો માત્ર જોખમ જ નથી પરંતુ ખરેખર તે એક મોટો ખતરો છે.રેડ્ડીએ કહ્યું કે, મલેશિયા સહિત દક્ષિણપૂર્વ એશિયાના દેશોમાં, ખાસ કરીને ભારતમાં, વૈશ્વિક રોગચાળો ફાટી નીકળ્યો તે દેશોની તુલનામાં દર લાખ લોકોમાં મૃત્યુ દર ઓછો હતો. એવા ઘણાં પરિબળો હોઈ શકે છે જેના કારણે ભારતમાં મૃત્યુ દરમાં ઘટાડો થાય છે, જેમ કે વધુ વસ્તી, ગ્રામીણ વસ્તી અને લોકડાઉન જેવા નિવારક પગલાં. તેમણે કહ્યું કે જ્યારે લોકડાઉન ખુલશે ત્યારે કેટલાક જોખમો પેદા થઈ શકે છે, કારણ કે લોકોની હિલચાલ વધશે અને વાયરસના મોટા પ્રમાણમાં ફેલાવાની સંભાવના પણ વધશે. તેથી, અમારે મહત્તમ શારીરિક અંતર બનાવવું પડશે અને સતત માસ્ક પહેરવા અને હાથ ધોવા જેવી આદતોનું પાલન કરવું પડશે.કોરોનાના દર્દીઓની સંખ્યા મામલે ભારતે શુક્રવારે ચીનને પાછળ છોડી દીધું હતું. તમામ રાજય અને કેન્દ્રશાસીત પ્રદેશો તરફથી મળી રહેલા આંકડાઓને જોતા ભારતમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૮૫,૦૦૦ને પાર કરી ગઈ છે. આ આંકડો ચીનમાં દર્દીઓની વર્તમાન સંખ્યા કરતા પણ વધારે છે કારણ કે, ચીનમાંથી અત્યાર સુધીમાં ૮૨,૯૩૩ કેસ સામે આવેલા છે. ચીનનું વુહાન શહેર જ્યાંથી આ મહામારી શરૂ થઈ હતી ત્યાં કેટલાક નવા કેસ સામે આવ્યા છે પરંતુ તેમ છતા સંક્રમિત દર્દીઓની સંખ્યા મામલે ભારત ચીનથી આગળ નીકળી ગયું છે.સત્તાવાર આંકડાને જોતા ચીનમાં કોરોના વાયરસના કારણે ૪,૬૩૩ લોકોના મોત થયા હતા અને ૭૮,૦૦૦થી પણ વધારે લોકો કોરોનામુક્ત થઈને ઘરે પરત ગયા હતા. પ્રતિ દિવસના કેસમાં ભારત એ વિશ્વમાં ચોથા નંબરનો દેશ બની ગયો છે. સૌથી વધારે કેસો હાલમાં અમેરિકા અને રશિયામાં આવી રહ્યાં છે. ગઈકાલે અમેરિકામાં ૧૧,૭૯૨ કેસો, રશિયામાં ૧૦,૫૯૮ કેસો નોંધાયા હતા. બ્રાઝિલમાં પણ દરરોજ ૫૦૦૦ની આસપાસ કેસો નોંધાઈ રહ્યાં છે.

આ પુસ્તકનું ઓડિયો વર્જન ૨૬ મેના રોજ આવશે

સાહિત્યકાર ફાંગ ફાંગની ચર્ચિત 'વુહાન ડાયરી ભારતમાં રિલીઝ

નવી દિલ્હી,તા.૧૬

જાણિતી સાહિત્યકાર ફાંગ ફાંગની ચર્ચિત 'વુહાન ડાયરી: ડિસ્પૈચ ફ્રોમ એ કોરોન્ટીન્ડ સિટી'ને ભારતમાં ઈબુક ફોર્મેટમાં જાહેર કરવામાં આવી છે. હાર્પર નોન-ફિક્શન દ્વારા પ્રકાશિત આ પુસ્તકનું ઓડિયો વર્જન ૨૬ મેના રોજ આવશે. ૧૫ ભાષાઓમાં અનુવાદિત થનાર આ પુસ્તક, લેખકની ડાયરી અને સોશિયલ મીડિયાની તે પોસ્ટનું સંકલન છે જે ઝ્રંઈ-૧૯ મહામારી દરમિયાન તેમણે લખી હતી. આ વુહાનના ૬૦ દિવસના લોકડાઉનનો દસ્તાવેજ છે. ૨૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ચીનની કેન્દ્ર સરકાર દ્વારા વુહાનમાં લોકડાઉન કર્ય બાદ, ફાંગ ફાંગએ એક ઓનલાઈન ડાયરી પ્રકાશિત કરવાનું શરૂ કર્યું હતું.

ત્યારબાદ થોડા દિવસો અને અઠવાડિયામાં આ પ્રશંસિત લેખકની દરેક રાતની જનાર પોસ્ટે ભય, હતાશા, ક્રોધ અને લાખો સાથી નાગરિકોનો અવાજ ઉઠાવ્યો, જેમાં બળપૂર્વક કરવામાં આવેલા અલગાવના મનોવૈજ્ઞાનિક પ્રભાવને દર્શાવે છે, ઈન્ટરનેટની બેવડી ભૂમિકા પણ દર્શાવી. જો કે આ દરમિયાન એક જીવન રેખા પણ બની ગઈ હતી અને બીજી તરફ ખોટી માહિતીનો સ્ત્રોત પણ. જેમ કે લેખકે ખુલાસો કર્યો છે કે આ ઘટનાનો એક પ્રત્યક્ષદર્શી દસ્તાવેજ છે. જે વુહાનના દૈનિક જીવનનો પડકાર અને બદલાતા મૂડ અને અવિશ્વનિય જાણકારી કોરોન્ટીન થવાની સંભાવના દર્શાવે છે. ફાંગ ફાંગ ઘરેલૂ સુખ-સાધનોમાં એકાંતમાં રહે છે અને પોતાના મિત્રો, ડોક્ટરો અને સ્વંયસેવકોના સાથે-સાથે વુહાનના નવ મિલિયન નિવસીઓની દ્વઢતાથી વધુ દ્વઢ બન્યા છે. તે સામાજિક અન્યાય, સત્તાના દુરઉપયોગ, અને અન્ય સમસ્યાઓ વિરૂદ્ધ બોલે છે,

જે મહામારીની પ્રતિક્રિયામાં અડચણ નાખે છે અને તેના લીધે ઓનલાઈન વિવાદોમાં ફસાઈ જાય છે. જેમ કે લેખકે વાસ્તવિક સમયમાં વૈશ્વિક સ્વાસ્થ્ય સંકટની શરૂઆતનું ડોક્યુમેન્ટેશન કર્યું છે. આ કોઈ પણ તે પેટર્ન અને ભૂલોની ઓળખ કરવામાં સક્ષમ છે. જો કે આ કોરોના વાયરસ મહામારીનો સામનો કરવાનાર ઘણા દેશે પછી પુનરાવર્તિત કરવામાં આવ્યું છે. આ યાદ અપાવે છે કે આ નવા વાયરસની સામે વુહાનના નાગરિકોની દુર્દશા પણ દરેક જગ્યાના નાગરિકો જેવી છે. તે લખે છે કે ''આ વાયરસ સમગ્ર માનવ જાતિનો એકસમાન દુશ્મન છે. આ માનવતા માટે એક સબક છે. આપણે આ વાયરસને જીતી શકીએ છીએ અને તેની ચેપેટમાંથી પોતાને મુક્ત કરાવી શકીએ છીએ. તેના માટે માનવ જાતિને એકસાથે કામ કરવું જરૂરી છે.

કોરોના સંકટ પર રાહુલ ગાંધીનો સરકાર પર પલટવાર

સરકાર પેકેજ નહી મજૂરોના બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરેઃ રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૧૬

કોંગ્રેસ પાર્ટીના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ આજે લોકલ મીડિયા સાથે વાત કરી. તેનું સ્ટ્રીમિંગ તેમની યુટ્યુબ ચેનલ પર કરાયું. તેમણે કોરોના વાયરસ લોકડાઉનની વચ્ચે સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા પેકેજ પર પ્રશ્ન ઉભો કર્યો. તેમણે કહ્યું કે અત્યારે લોકોના હાથમાં પૈસા હોવા જોઈએ. રાહુલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરી કે તેઓ અસ્થાયી રીતે પણ દ્રરૂછરૂ યોજનાને લાગૂ કરે. તેમણે કહ્યું કે ડાયરેક્ટ લોકોના ખાતામાં પૈસા મોકલવા જોઈએ. તેમણે કહ્યું કે સીધા રોકડ ટ્રાન્સફર, મનરેગાના કાર્ય દિવસ ૨૦૦, ખેડૂતોને પૈસા વગેરે અંગે મોદીજી એ વિચાર કરે, કારણ કે આ બધું હિન્દુસ્તાનનું ભવિષ્ય છે.રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે બાળકને ઈજા પહોંચે છે તો મા તેને લોન આપતી નથી પરંતુ રાહત માટે તરત મમદ કરે છે. લોનનું પેકેજ ના હોવું જોઈએ, પરંતુ ખેડૂત, મજૂરોના ખિસ્સામાં તરત પૈસા જવા જરૂરી છે. રાહુલે કહ્યું કે ડિમાન્ડને સ્ટાર્ટ કરવા માટે જો આપણે પૈસા આપ્યા નહીં તો ખૂબ મોટું આર્થિક નુકસાન થશે. તેમણે કહ્યું કે પ્રેમથી બોલી રહ્યો છું, આ પેકેજને સરકાર રિકંસીડર કરે.

કોંગ્રેસ નેતાએ કહ્યું કે અત્યારે સૌથી મોટી જરૂરિયાત ડિમાન્ડ-સપ્લાયને શરૂ કરવાની છે. તેમણે કહ્યું કે તમારી ગાડી ચલાવા માટે તેલની જરૂર હોય છે. જ્યાં સુધી તમે કાર્બોરેટમાં તેલ નાંખશો નહીં ગાડી સ્ટાર્ટ થશે નહીં. મને ડર છે કે જ્યારે એન્જિન શરૂ થશે તો તેલ ના હોવાના લીધે ગાડી ચાલશે જ નહીં. તેમણે કેરલમાં કોરોના વાયરસ પર કંટ્રોલના વખાણ કર્યા અને કહ્યું કે તે એક મોડલ સ્ટેટ છે અને બાકી રાજ્યો તેમાંથી શીખ મેળવી શકે છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે આંગળી ઉઠાવાનો સમય નથી. આજે હિન્દુસ્તાનની સામે મોટો પ્રોબ્લેમ છે અને આપણે તેને દૂર કરવાનો છે. તેમણે કહ્યું કે આ લોકો જે રસ્તા પર ચાલી રહ્યા છે તેમની મદદ આપણે બધાએ કરવાની છે. ભાજપ સરકારમાં છે અને તેમના હાથમાં સૌથી વધુ ઓજાર છે તો તેમની આ જવાબદારી બને છે. આપણે બધાએ મળીને તેની સામે લડીશું.

રાહુલે મીડિયાના વખાણ કરતાં કહ્યું કે જો તેમને પ્રવાસી મજૂરોનું સંકટ ના દેખાયું હોત તો અમે સરકાર પર દબાણ બનાવી શકત નહીં.

તેમણે ૧૨મી ફેબ્રુઆરીના રોજ ટ્વીટ કરી સરકારને કોરોનાના ખતરાના પ્રત્યે ચેતવણી આપી હતી. શું સરકારથી ભૂલ થઈ? આ પ્રશ્ન પર રાહુલે કહ્યું કે હવે તેનો કોઈ મતલબ નથી. હું તમારી સાથે એટલા માટે વાત કરી રહ્યો છું જેથી કરીને સરકાર પર દબાણ લાવી શકું. જબરદસ્ત આર્થિક ડેમેજ થવાનું છે. તેમણે કહ્યું કે સરકારના લોકો વિપક્ષની વાત સારી રીતે સાંભળશે તો અમારી વાત માની લેશે.

ભાવનગરમાં વધુ ૧ અને ધોરાજીમાં કોરોનો પ્રથમ કેસ નોંધાતા ૨૦૦ ઘર ક્વોરન્ટાઈન કરાયા

રાજકોટ,તા.૧૬

રાજકોટ જિલ્લાના ધોરાજીમાં કોરોના વાઈરસનો પ્રથમ પોઝિટિવ કેસ નોંધાયો છે. ધોરાજીના નડીયા કોલોની વિસ્તારમાં રહેતા ૪૩ વર્ષના યુવાનનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસ, મામલતદાર, ડેપ્યુટી કલેક્ટર અને આરોગ્ય વિભાગની ટીમ સ્થળ પર પહોંચી ગઈ છે. આ સાથે ધોરાજીમાં યુવકના ઘર પાસે જ ૩ થી ૪ ઘર અને ૨૫ લોકોને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યાં. આ અંગેની જાણકારી મળતા રાજકોટ આરોગ્યની ટીમ સહિત તંત્ર હરકતમાં આવી ગયું હતું.

આ સાથે આ વિસ્તારના ૨૦૦ જેટલા ઘરોને ક્વોરન્ટાઈન કરવામાં આવતાં અંદાજીત ૭૦૦થી ૮૦૦ લોકો ક્વોરન્ટાઈન કરાયા છે. આમ તંત્ર દ્વારા આખા નળિયા વિસ્તારને સેનેટાઈઝ કરાયો છે. ધોરોજીમાંથી કોરોનાનો સામે આવેલ પ્રથમ કેસ આરોપી હોય તેને પકડવા માટે રાજકોટ એલસીબીની ટીમ ગઈ હતી. જેને લઈને એલસીબી ના ૪ કોન્સ્ટેબલને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યાં છે. જો કે આ આરોપી ધોરાજી પોલીસ અને જીઆરડી જવાનના સંપર્કમાં આવ્યો હતો. આ સાથે કુલ ૧૦ જેટલા સુરક્ષાકર્મીઓને ક્વોરોન્ટાઈન કરાયાં છે.

ભાવનગરના કાળાનાળા શિલ્પીનગરમાં રહેતા જીતેન્દ્ર શાહ (ઉ.૬૯)નું સેમ્પલ લઈને પરિક્ષણ અર્થે મોકલવામાં આવતા તેમનો કોરોના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેથી તેઓને આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવયા છે. ભાવનગરના કાળાનાળા શિલ્પીનગર કોરોના વાઈરસનો પહેલો પોઝિટિવ કેસ નોંધાયો છે. ભાવનગરમાં કોરોના વાઈરસ પોઝિટિવ કેસની સંખ્યા ૧૦૩ પર ઉપર પહોંચી ગઈ છે.

સંક્રમિતોનો આંકડો ૮૫૪૯૦ને પાર,કુલ મૃત્યુઆંક ૨૭૫૨એ પહોંચ્યો

દેશમાં ૨૪ કલાકમાં નવા ૩૯૭૦ પોઝિટિવ કેસઃ ૧૦૩ના મોત

ન્યુ દિલ્હી,તા.૧૬

દેશમાં કોરોના વાયરસના સંક્રમીત મામલામાં ભારતે ચીનને પાછળ છોડી દીધું છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા પ્રમાણે ભારતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોનાના નવા ૩૯૭૦ કેસ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોના વાયરસથી સંક્રમીત લોકોનો આંકડો વધીને ૮૫૯૪૦ સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના સંક્રમણને કારણે ૧૦૩ લોકો મોતને ભેટ્યા છે. તેની સાથે જ કુલ મૃત્યુઆંક ૨૭૫૨એ પહોંચ્યો છે. જ્યારે ૨૨૩૩ લોકો કોરોના વાયરસ સામેની જંગમાં સંક્રમણને મહાત આપીને સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે. કોરોના સંક્રમિતોની સંખ્યા મામલે ભારત હવે ચીનથી આગળ નીકળી ગયું છે અને વિશ્વમાં ૧૧માં નંબર પર પહોંચ્યું છે.

૮૫૯૪૦ કોરોના વાયરસના કેસ સાથે ભારત દુનિયામાં સૌથી વધારે કોરોના વાયરસના કેસ ધરાવતા દેશોની યાદીમાં ચીનને પછાડીને આગળ નિકળી ગયો છે. ચીન તરફથી જાહેર કરેલા આંકડા પ્રમાણે ત્યાં ૮૨૯૨૯ કેસ નોંધાયા હતા તેમજ ૪૬૩૩ લોકોના મોતને ભેટ્યા હતા. જોકે, ચીનમાં અત્યાર સુધીમાં ૭૮૦૦૦થી વધુ લોકો સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. હવે ચીનમાં ૧૦૦ કરતા ઓછા એક્ટિવ કેસ છે. જ્યારે ભારત કોરોના વાયરસના એક્ટિવ કેસની સંખ્યા ૫૩૦૩૫ સુધી પહોંચી ગઈ છે.કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે અત્યાર સુધીમાં દેશમાં કોરોના વાયરસના કુલ ૮૫૯૪૦ કેસ નોંધાયા છે જેમાંથી ૩૦૧૫૩ લોકો એવા છે કે જેઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૩ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.

આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૨૭૫૨ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવારે સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૫૩૦૩૫ એક્ટિવ કેસ છે.

દેશમાં કોરોના વાયરસના કુલ કેસમાંથી સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. દેશભરમાં જેટલા પણ કેસ નોંધાયા છે તેમાંથી લગભગ એક તૃત્યાંશ કેસ ફક્ત મહારાષ્ટ્રમાંથી સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોનાના ૨૯૧૦૦ કેસ નોંધાયા છે જેમાંથી ૬૫૬૪થી વધારે લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. કોરોનાના સૌથી વધારે કેસ ધરાવતા રાજ્યોની યાદીમાં મહારાષ્ટ્ર બાદ બીજા નંબર પર તમિલનાડૂ છે.

તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૧૦૧૦૮ કેસ નોંધાઈ ચૂક્યા છે. જ્યારે આ યાદીમાં ત્રીજા નંબર પર ગુજરાત છે જેમાં કુલ ૯૯૩૨ કેસ નોંધાયા છે જેમાંથી ૬૦૬ લોકો કાળનો કોળિયો બની ગયા છે.

ગુજરાત બાદ દિલ્હીમાં ૮૮૯૫, રાજસ્થાનમાં ૪૭૨૭, મધ્યપ્રદેશમાં ૪૫૯૫ અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના ૪૦૫૭ કેસ નોંધાયા છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૫૪૨૯૧૦ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૩૦૭૬૯૫ના મોત થયા છે જ્યારે ૧૬૩૬૯૬૮ લોકો સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે. દુનિયામાં આજની તારીખમાં કુલ ૨૫૯૮૨૪૭ કેસ એવા છે કે જેમની સારવાર ચાલી રહી છે.

સુરતમાં સહાય કિટના નામે પાન મસાલાની હેરફેર કરતો શખ્સ પકડાયો

સુરત,તા.૧૬

અનાજ કીટ વિતરણના નામે ગુટકા-માવાની ડિલિવરી કરી રહેલાં યુવકને ગોથાણ બ્રિજ નીચે પોલીસ પકડી લીધો હતો. જોકે તેને છોડાવવા દોડી આવેલા ગુટકા વેપારી અને સ્થાનિક રાજકીય નેતાએ પોલીસ ઉપર રોફ ઝાડ્યો હતો. જેનો કર્મીએ વીડિયો બનાવી વાયરલ કરી દેતાં ભારે ચકચાર મચી ગઈ હતી. કહેવાતા નેતાએ ગુટકાનો જથ્થો છોડાવવા ઉમરા ગામમાં કયા તલાટી કે પોલીસને રાખવો છે? અને કોની બદલી કરવી છે તે પોતે નક્કી કરતાં હોવાનો દમ માર્યો હતો. સાથે જ રૂપિયાના જોરે ધાર્યું કરાવી લેવાની સાથે ધારાસભ્ય સહિતના નેતાઓનો તેમને પીઠબળ હોવાનો પણ બફાટ માર્યો હતો. કીટની તપાસ કરતાં ગુટકાનો જથ્થો મળ્યો હતો.ગુટકાનો જથ્થો પોલીસ કર્મીઓએ પકડ્યો હોવાનો યુવકે કોલ કરતાં જ વેપારી હસુ હિરાપરા દોડી આવ્યાં હતાં. સાથે જ તેમણે આ ગુટકા વેચી મળતાં નફાથી સેવા કરતો હોવાની કેફિયત વર્ણવી હતી. સાથે જ તેમનું કામકાજ ઉપર કક્ષાએથી ગોઠવાયેલું હોવાનો રોફ બતાવી ધારાસભ્ય સહિતના નામનો બફાટ કર્યો હતો. એટલું જ નહીં ગામમાં તલાટી કોને રાખવો છે અને કોની બદલી કરવી છે તે પણ પોતે જ નક્કી કરતાં હોવાનું વીડિયોમાં કેદ થયું હતું.

લોકડાઉનમાં વલસાડની કેરીઓ ઘરે ઘરે પહોચાડશે પોસ્ટકર્મીઓ

વલસાડ,તા.૧૬

અત્યારે કેરીની મોસમ ચાલી રહી છે જો લૉકડાઉન કે કોરોના વાયરસનો કહેરન ન હોત તો ગુજરાતીઓ કેરીનો સ્વાદ ચાખતા ધરાતા ન હોત. પરંતુ લૉકડાઉનને કારણે લોકો કેરી ખાવા તલસી રહ્યાં છે. ત્યારે કેરીના રસિયાઓ માટે સારા સમાચાર છે. વલસાડની કેરીને તમારા ઘર સુધી પહોંચાડવા માટે પોસ્ટ વિભાગે નવી પાર્સલ સેવાનો પ્રારંભ કર્યો છે. જેમાં ખેડૂત તેની કેરી ગુજરાતમાં કોઈ પણ ખૂણે મોકલી શકશે. ગુજરાતની પ્રખ્યાત વલસાડી કેરીના પાર્સલ પહોંચાડવાની મોટી શરૂઆત કરી છે. ખેડૂતે તૈયાર કરેલા કેરીના બોક્ષ આંબા વાડીઓથી એકત્રિત કરીને ખેડૂતે વેપારીના ગોડાઉનમાં, દુકાને કે પછી ગ્રાહકોના ઘરે સીધા પાર્સલ પહોંચાડવામાં આવશે. આ પાર્સલ સેવાથી કેરીના ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.વલસાડ પોસ્ટ વિભાગનાં કર્મચારીના જણાવ્યાં પ્રમાણે, પાર્સલ વિભાગ દ્વારા લોકડાઉન વચ્ચે મેડિકલ પાર્સલથી સેવાનો પ્રારંભ કર્યો હતો. લૉકડાઉન લંબાવતા ખેડૂતોને લાભ આપીને તેમની કેરીને લોકો સુધી પહોંચાડવા નક્કી કરવામાં આવ્યું હતું.પોસ્ટ વિભાગ દ્વારા રેડ ઝોનમાં પણ ખેડૂતની કેરી ગ્રાહકોને ઘરે બેઠા પાર્સલ પહોંચાડવાના પ્રયાસો કરવામાં આવશે. કેરીના ભાવની વાત કરીએ તો ખેડૂતો ગ્રાહકને સોશિયલ મીડિયાનાં પ્લેટફોર્મ પર જ કેરી બતાવીને તેના ભાવ મેળવી રહ્યાં છે.

પોસ્ટ વિભાગનાં કારણે ખેડૂતો ગુજરાતનાં ઘરે ઘરે કેરી પહોંચાડવા સક્ષમ બન્યા છે. એસીપી અનિલકુમારનાં જણાવ્યાં પ્રમાણે, ૨૪થી ૪૮ કલાકમાં કેરીનાં પાર્સલ આપેલા સરનામા પર પહોંચી જશે. અમારી પોસ્ટ શાખા તમામ શહેરોમાં કાર્યરત છે.

ત્યારે આ સર્વિસ દ્વારા સરળતાથી અને કોઈપણ નુકસાન વગર કેરી પહોંચાડવામાં આવશે. ગુજરાતનાં કોઈપણ ખુણામાં મોકલવા માટે ૧ કિલોનાં ૧૦ રૂ, ૧૨ ટકા સર્વિસ ચાર્ડ અને ૧૦૦ રૂપિયા પ્રોસેસિંગ ચાર્જ લેવામાં આવી રહ્યો છે. ઓછામાં ઓછું ૫૦ કિલો અને વધુમાં વધુ જેટલો માલ મોકલવો હશે તે મોકલી શકાશે. આ માટે એડવાન્સમાં પોસ્ટઓફિસમાં જાણ કરવાની રહેશે.

લોકડાઉનમાં છૂટછાટ પહેલા જ ગાંધીનગરમાં ૧૨ નવા કોરોના કેસ નોંધાતા ફફડાટ

ગાંધીનગર,તા.૧૬

કેન્સરગ્રસ્ત અડાલજનો ૪૦ વર્ષીય યુવાન કોરોનાની સામેની જંગ હારી જતા તેના મોત સાથે જિલ્લાની ૭ વ્યક્તિનો કોરોનાએ ભોગ લીધો છે. શુક્રવારે રાંચરડા કોરન્ટાઈન સેન્ટરમાં નોકરી કરતો યુવાન સહિત કુલ પાંચ વ્યક્તિ કોરોનામાં સપડાયા તેમાં પરિવારની વ્યક્તિ જ જવાબદાર હતી. દહેગામ સીએચસીની લેબ ટેકનિશયન અને શબ્દલપુર આરોગ્ય કેન્દ્રનો એમપીએચડબલ્યુ કર્મચારી પોઝિટિવ બન્યા છે. છાલા અને અમરાપુરાની સગર્ભા મહિલાઓનો પોઝિટિવ થયાં છે. શહેરી વિસ્તારમાં સેક્ટર-૨૭ની મહિલા અને સેક્ટર-૨૪ ઈન્દીરાનગર છાપરામાં યુવાન પણ સપડાયો છે. ઉપરાંત અમદાવાદની કેડિલામાં નોકરી કરતો કુડાસણનો યુવાન સહિત જિલ્લામાં ૧૨ કેસ નવા નોંધાયા છે. અડાલજના કેન્સરગ્રસ્ત યુવાનને તંત્રે નવમા દિવસે સત્તાવાર મૃત જાહેર કર્યો છે. જિલ્લામાં કોરોનાથી ૭ વ્યક્તિઓના મોત થયા તેમાં ગાંધીનગરમાથી ૧ અને ગ્રામ્યમાંથી ૩, કલોલમાંથી ૨ અને દહેગામમાંથી ૧ વ્યક્તિનું કોરોનાથી મોત થયુ છે. ૨૪ કલાકમાં ૫ વ્યક્તિના રિપોર્ટ નેગેટીવ આવતા રજા અપાઈ છે.દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્રની ૫૨ વર્ષીય લેબ ટેકનીશયન અમદાવાદ નિકોલમાં રહેતી મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પાટનાકુવા ગામનું પરા શબદલપુર આરોગ્ય કેન્દ્રનો ૪૦ વર્ષીય એમપીએચડબલ્યુ યુવાન અમદાવાદના રેડઝોન દાણીલીમડાથી અપડાઉન કરતો હતો. આ યુવાનનો રિપોર્ટ કરાવતા પોઝિટિવ આવ્યો છે. આ બન્ને કેસ જિલ્લામાં ગણાશે નહી. અમરાપુરાની ૨૦ વર્ષીય પરિણીતા ડીલીવરી માટે માણસા હોસ્પિટલ આવી હતી. આ પરિણીતા નિરીક્ષણમાં હતી, તે દરમિયાન બાળકને જન્મ આપ્યો હતો અને ત્યાર બાદ તેનો કોરોના રિપોર્ટ કરાવતા પોઝીટીવ આવતા તેને આઈસોલેશન વોર્ડમાં દાખલ કરાઈ હતી. તેના પરિવારજનોને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.અને અન્યને તેની અસર ન થાય તેની તકેદારી રખાઈ રહી છે.

અંતરનાં આયનામાં

વર્ષા જાની

દરેક માણસ માત્રમાં કંઈને કંઈ ધરબાયેલું પડ્યું હોય છે. શરત છે માત્ર એને ઢંઢોળવાની, ખોજવાની,અને હાથ લાગે પછી એનું સિંચન કરવાની ! વરસાદ પડે એટલે જયાં ત્યાં કેટલું બધું આપમેળે ઊગી નીકળે છે ! કેટલુંક ઘાસનાં તણખલાં જેવું ક્ષણિક જીવન લઈને ઉગનારું હોય, પણ એ ઘાસનું તણખલું પણ ગાય,ભેંસ, બકરી વગેરે માટે પેટનાં પ્રદીપ્ત અગ્નિનું શમન કરનારું બની રહેછે ને? તો વળી ક્યાંક ક્યાંક જયાં ત્યાં ફેંકાયેલા કેરીનાં ગોટલામાં રહેલું બીજ જયાંત્યા પણ ઊગી નીકળવાનું ને !

ગામડામાં રહેતા ત્યારે શીતળા સાતમને દિવસે ચૂલો ન પ્રગટાવાય, રાંધણ છઠ્ઠના દિવસે બધી જ રસોઈ થઈ જાય, એટલે અગ્નિદેવનું શમન કરી, ચૂલામાંથી બધો ઉબાળ કાઢી નાખવામાં આવે, અને રૂના નાગલા બનાવતા, એ નાગલા અને કંકુથી ચૂલાની પૂજા થાય. પછી ઊગેલો ગોટલો ચૂલાની બરાબર વચ્ચે ગોઠવવાનો ! કેવો અદ્ભૂત રુપે આ વિરામ પામેલો ચૂલો દીપી ઊઠે ! બસ આરીતે જ દરેક જીવ માત્રમાં ઝળહળી ઊઠવાની તાકાત છે જ !

હા, તક તો ડગલે ને પગલે આપણા અંતરની એરણ પર ટકોરા મારતી જ હોય ! પણ ઘણાંના બહેરા કાન સુધી એ ટકોરો પહોંચતો નથી, તો વળી કેટલાક આંખ આડા કાન કરે ! કોઈ કોઈ તો આરંભે શુરા.., વાજતે ગાજતે આરંભ તો કરે પણ જલદી અંત કરવામાં ય પાછા પૂરાં ! આવી તણખલાં જેવી ખોખલી તક નકામી. સંસ્કૃતનો આ સુભાષિત ઘણું કહી જાય છે.

प्रारम्भते न खलु विघ्नभयेन नीचैः
प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति ॥

અર્થાત, નીચ માણસો વિઘ્નના ડરથી કામની શરૂઆત કરતા નથી. મધ્યમ પ્રકારની મનોવૃત્તિ વાળા કાર્ય શરુ કરીને વિઘ્નોથી હેરાન પરેશાન થતાં વચ્ચેથી જ અટકી જાય છે અને મુશ્કેલી ઓથી ફરી ફરીને હેરાન થાવા છતાં ઉત્તમ પ્રકારના માણસો આરંભ કરેલું કામ ક્યારેય છોડી દેતા નથી.

આપણે પણ ક્યાંક જમીનમાં દટાઈને ઊગી નીકળેલા ગોટલાંમાંથી મોટું આંબાનું વૃક્ષ બનવું છે. અને મીઠાં ફળ ખાઈને અન્યને ખવડાવવા છે.

પોતાની જાત પર શ્રદ્ધા રાખવાની છે. ''હું કરી શકીશ'' એવું દ્રઢ મનોબળ રાખી એકવાર કાર્યના શ્રી ગણેશ અવશ્ય કરવા જોઈએ. અરે શ્રદ્ધાના સહારે પથ્થર તરતા જોયા છે. તો પછી

સંસાર સાગરમાં જીવનનૈયા પણ પાર લગાવી જ શકાય. કોઈ માર્ગદર્શક મળે તો તો અતિ ઉત્તમ, પણ અન્ય ગુરુ ન મળે તો ' તું તારો દીવો થા ' એ ન્યાયે આપણે જ આપણા પથદર્શક, ઉત્તમ ગુરુ. અને પછી જો જો આ અડગતા ક્યાંય નડતર રુપ નહી બને.

'અડગ મનનાં મુસાફરને હિમાલય પણ નડતો નથી'.

। અસ્તુ ।

★ વર્ષા જાની
★ ભા